# મહુવા ખાતે માનવભક્ષી બન્યો દીપડો, નેસડામાંથી બાળકને ઉઠાવીને ખાઈ ગયો

અશોક સગર - તળાજા તા. ૧૧

બગદાણાના માલપરા ખાતે રહેતો પરિવાર ગાયો ચરાવવાનું કામ કરે છે અને નેસડામાં જ રહે છે. અનિલ માઢક, મહુવા ભાવનગર જિલ્લાના બગદાણાના માલપર ખાતે એક દીપડાએ બાળકનો શિકાર કર્યાની ઘટના સામે આવી છે. તાજેતરમાં ભાવનગર જિલ્લામાં આવા બે-ચાર બનાવો સામે આવ્યા છે. આ કેસમાં નેસડામાં ઊંઘી રહેલા બાળકને દીપડો ઉઠાવી ગયો હતો અને તેને ખાઈ ગયો હતો.



આ અંગે મળતી માહિતી પ્રમાણે વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ પરિવારને પોતાનું બાળક ગુમ થયું હોવાની માહિતી મળી હતી. બાળકના પિતાએ જણાવ્યું હતું કે સવારે ચાર વાગ્યાની આસપાસ તેના ફળિયામાં બાંધેલી ગાયો અચાનક ભડકી હતી. આ અંગે તપાસ કરવા જતાં તેનો પુત્ર ગુમ હોવાની માહિતી મળી હતી.

શોધખોળ કરવામાં આવતા નજીકમાંથી બાળકનો હાથ-પગ વગરનો મૃતદેહ મળી આવ્યો હતો. શરીરના બાકીના ભાગો દીપડો ખાઈ ગયો હતો. આ અંગે પરિવાર તરફથી વન વિભાગને જાણ કરવામાં આવી હતી. જે બાદમાં વન વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મળતી માહિતી પ્રમાણે બગદાણાના માલપરા ખાતે રહેતો પરિવાર ગાયો ચરાવવાનું કામ કરે છે અને નેસડામાં જ રહે છે.

નોંધનીય છે કે આ પહેલા ગત વર્ષે ડિસેમ્બરમાં મહુવાનાં દરિયાકાંઠાના વિસ્તારમાં એક સિંહે માણસ પર હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો હતો. આ બનાવમાં યુવકનું મોત થયું હતું. શિકાર કર્યા બાદ સિંહ યુવકને ખાઈ ગયો હતો. ૧૩મી ડિસેમ્બરના રોજ વહેલી સવારે આ બનાવ બન્યો હતો. માણસના મોત બાદ વન વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

મૃતક યુવકની ઓળખ સરતાનપરના રામાભાઈ ચુડાસમા તરીકે કરવામાં થઈ હતી. મહુવાના પિંગલેશ્વર નજીક ગુજરડા ગામ ખાતે આ બનાવ બન્યો હતો. મળતી માહિતી પ્રમાણે મૃતક યુવક માછીમારીનું કામ કરતો હતો.

## નવાપરા કબ્રસ્તાન પાસે ગેરેજમાં આગ



ભાવનગર નવાપરા કબ્રસ્તાન પાસે આવેલ રહીમભાઈ સૈયદના ગેરેજમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી જેમાં ૬ થી ૭ ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી બનાવની જાણ ફાયરબ્રિગેડને થતા ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો તસવીર : પાર્થ મજેઠિયા - ભાવનગર

# નવસારી LCBએ રૂ. ૩ કરોડથી વધુની જૂની ચલણી નોટો ઝડપી, ચાર લોકોની અટકાયત



રાજન રાજપૂત નવસારી તા. ૧૧

નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ અને તેમની ટીમે હાઈવે ઉપર વોચ ગોઠવી હતી. અને ચોક્કસ કાર પસાર થતાં તેને રોકવામાં આવી હતી.

મોદી સરકાર દ્વારા રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની ભારતીય ચલણી નોટોને ચલણમાંથી બહાર કાઢવામાં આવી હતી. જેને આશરે બે વર્ષ થઈ ગયા છે. આમ છતાં છાસવારે જૂની ચલણી નોટો પકડાવાના કિસ્સાઓ બનતા રહે છે. નવસારીમાંથી રવિવારે મોડી રાત્રે ત્રણ કરોડથી વધારે ચલણી નોટો નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી હતી. આ સાથે કાર સહિત ચાર લોકોની પણ અટકાયત કરીને વધુ પૂછપરછ હાથધરી હતી.

મળતી માહિતી પ્રમાણે નવસારી જિલ્લાના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર વલસાડ અને નવસારી જિલ્લા વચ્ચે ઊંડાચ ગામ આવેલું છે. જ્યાં હાઈવે ઉપરથી કરોડો રૂપિયાની જૂની ચલણી નોટો ભરીને મહારાષ્ટ્ર પાર્સિંગની એક કાર પસાર થવાની બાતમી હતી.

નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ અને તેમની ટીમે હાઈવે ઉપર વોચ ગોઠવી હતી. અને ચોક્કસ કાર પસાર થતાં તેને રોકવામાં આવી હતી. જેની તપાસ કરતા કારમાંથી કરોડો રૂપિયાની જૂની ચલણી નોટોનો જથ્થો ઝડપાયો હતો.

પોલીસે જૂની નોટો અને કારને જપ્ત કરી ચાર લોકોની અટકાત કરી હતી. ત્યારબાદ તમામને વધુ તપાસ માટે નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચ ખાલે લઈ જવામાં આવ્યા હતા.

# ધાનેરા નજીક જીપ, ટ્રેક્ટર વચ્ચે અકસ્માત : જીપ ચાલકનું મોત

## લીલા લાકડા ભરેલ ટ્રેક્ટર લઈને રફુચકકર થતા ચાલકને રોકીને લોકોએ હવા કાઢી



અઝીઝ ગોરી - ગારીયાધાર તા. ૧૧

ધાનેરા નજીક લીલા લાકડા ભરીને આવતા ટેક્ટરે જીપ ને અડફેટે લેતા ત્રીસ વરસીય જીપ ચાલક નું ઘટના સ્થળે થયું મોત અકસ્માત કર્યા પછી લીલા લાકડા ભરેલ ટેક્ટર લઈને રફુચક્કર થતા ચાલકને રોકીને લોકોએ ટેક્ટરની હવા કાઢી

ધાનેરા ના મલોત્રા અને શેરા ગામ ની વચ્ચે લીલા લાકડા ભરેલ ટેક્ટર અને કમાન્ડર જીપ વચ્ચે અકસ્માત થતા જીપ ચાલક નું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત થયું અને એક ની હાલત ગંભીર હોવાથી અન્ય ખાનગી હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યો ગાડી ચાલક પચીસ વરસીય શ્રવનજી ઠાકોર નું ઘટના સ્થળે મોત થતા લીલા લાકડા ભરેલ ટેક્ટર ચાલક ટેક્ટર લઈ ને રફુચક્કર થઈ ગયો હતી પણ એક કિલોમીટર જતા લોકો વચ્ચે ઉભા રહી ને ટેક્ટર રોકાવ્યું હતું મૂર્તક ની લાસ ને પોટકા માં બાંધી ને મૂર્તક ની લાસ ને ધાનેરા સિવિલ ખાતે લાવવામાં આવી હતી

ધાનેરામાં ખુલ્લેઆમ લીલાલકડાનો કારોબાર ચાલી રહ્યો છે લીલાલકડા ભરેલ ટેકટર ફુલઝડપે ચલાવી ને શોમિલ પર્હોંચાડવામા આવી રહ્યા છે વારંવાર મીડિયા માં બતાવવામાં આવી રહ્યું છે પણ આ બાબતે ધાનેરા ના અધિકારીઓ નીરસ રહેતા આ શો મિલ માલિકો ને લીલા વૃક્ષો નો છેદન કરવાનો મોકો મળી ગયો છે શો મિલ માલિકો ને અધિકારીઓ નો ડર ન રહેતા હજારો વૃક્ષો કપાઈ જવા પામ્યા છે હવે જોવાનું એ રહ્યું કે ધાનેરા મામલતદાર અને વનવિભાગ આવા શોમિલ માલિકો ની વિરુદ્ધ કયારે પાગલ ભારે છે એ તો આવનારો સમય જ બતાવશે

# વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી એસઓજી



પાર્થ ભાવનગર તા. ૧૧

એસ.ઓ.જી. સ્ટાફના માણસો ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પોલીસ હેડકોન્સ. હરેશભાઈ ઉલવા તથા પોલીસ કોન્સ. નિતીનભાઈ ખટાણાને મળેલ બાતમી આધારે નોંઘણવદર ગામના બસ સ્ટેન્ડ પાસે સાંઈનાથ ટ્રાવેર્લસની ઓફીસની બાજુમાં લાકડાની કેબીનમાં રાખેલ ભારતીય વિદેશી દારૂની બોટલ નંગ-૨૩ તથા બીયર ટીન નંગ-૪૦ કુલ કિ.રૂ ૧૯,૯૦૦/- ના મુદામાલ સાથે આરોપી જયપાલસિંહ ઉપેન્દ્રસિંહ ઝાલા ઉ.વ.૨૨ રહેવાસી-ગામ-નોંઘણવદર, તા.પાલીતાણા જી.ભાવનગર વાળાને પકડી પાડી મજકુર આરોપી સામે પ્રોહી. એકટ તળે કાયદેસર કાર્યવાહી કરી પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવેલ છે.

# દાતારનગર વિસ્તારના લોકોએ સુવિધાના અભાવને લઈ આવેદન



સુરેશ ભાલીયા જેતપુર તા. ૧૧

જેતપુરના દાતાર નગર વિસ્તારના લોકોએ સુવિધા ના અભાવને લઈને નગરપાલિકામાં આવેદન સાથે નગરપાલિકા હાઈ હાઈના નારા લગાવ્યા હતા.

જેતપુર ના જૂનાગઢ રોડ ઉપર આવેલ દાતાર નગર વિસ્તાર માં છેલ્લા ઘણા વર્ષો થી નગરપાલિકા દ્વારા આપવા માં આવતી સુવિધાનો અભાવ છે, આ વિસ્તાર ના લોકો નગરપાલિકા ને પૂરતો ટેક્સ ભરતા હોવા છતાં અહીં નગરપાલિકા દ્વારા સફાઈ કરવા માં આવતી નથી જેને લઈ ને આ વિસ્તાર માં ગંદકી ફેલાઈ ચુકી છે સાથે જીવન ની પ્રાથમિક જરૂરિયાત એવા પીવા ના પાણી દિવસો સુધી મળતા નથી જોવા જઈ એ તો રોડ રસ્તા તો છે જ નહીં આ તમામ પ્રાથમિક સુવિધા ના અભાવ થી ત્રસ્ત દાતાર નગર ના લોકો એ જેતપુર નગરપાલિકા ના ચીફ ઓફિસર ને આવેદન સાથે રજુઆત કરી ને નગરપાલિકા હાઈ હાઈ ના નારા લગાવ્યા હતાં.

# મંત્રી સ્મૃતિ ઈરાની આજે ભાવનગરમાં

## ઈસ્કોન કલબમાં શહેર ભાજપ દ્વારા પ્રબુધ્ધ નાગરિક સંમેલન

ભાવનગર,તા.૧૧

કેન્દ્રીય સ્મૃતિ ઈરાની આવતીકાલ તા.૧૨ના રોજ ભાવનગરના પ્રવાસે આવી રહેલ છે રાજયભરમાં ભાજપ દ્વારા યોજાનાર પ્રબુધ્ધ નાગરીક સંમેલનનું ભાવનગર શહેર ભાજપ દ્વારા આયોજન કરવામાં આવ્યુ જેમાં તેઓ પ્રાસંગીક વકતવ્ય આપશે.

ગુજરાતના ગૌરવ એવા નરેન્દ્ર મોદીને પુનઃ વડાપ્રધાન બનાવવા માટેનો ભાજપ દ્વારા અશ્વમેઘ યજ્ઞ યોજવાનો છે ત્યારે આગામી સમયમાં આવી રહેલ લોકસભાની ચૂંટણી પૂર્વે ભાજપ દ્વારા મતદારોમાં જાગૃતિ લાવવાનું કામ કરવામાં આવનાર છે જેમાં ભાજપની વિકાસગાથા વર્ણવવા પ્રદેશ ભાજપ દ્વારા પ્રબુધ્ધ નાગરિક સંમેલન યોજવામાં આવનાર છે જેના ભાગરૂપે આવતીકાલ તા.૧૨ના રોજ ભાવનગર શહેર ભાજપ દ્વારા ઈસ્કોન કલબ ખાતે સાંજે ચાર કલાકે પ્રબુધ્ધ નાગરિક સંમેલન યોજવામાં આવનાર છે જેમાં કેન્દ્રીય ટેક્ષટાઈલ મંત્રી સ્મૃતી ઈરાની ઉપસ્થિત



રહેશે અને પ્રાસંગીક વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં ભાજપના હોદેદારો, સાંસદ, ધારાસભ્યો, મેયર, નગરસેવકો સહિત ઉદ્યોગપતિઓ અને પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહેશે.

# મંત્રી વિભાવરીબેન દવેનાં હસ્તે ક.પરા કોમ્યુ. હોલ આરસીસી રોડનાં કામનું ખાતમુહુર્ત કરાયુ

ભાવનગર,તા.૧૧

શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબેન દવેના હસ્તે ક. પરા વાલ્કેટગેટ કોમ્યુનીટી હોલના કામનું તેમજ આર. સી. સી. રોડ પેવર રોડના કામનું ખાતમુહુર્ત કરાયુ હતુ, કોમ્યુનીટી હોલનું કામ રૂપિયા ૪૩.૮૫ લાખના ખર્ચે તેમજ આર. સી. સી. રોડ અને પેવર રોડના કામો રૂપિયા ૩૪.૬૬ લાખના ખર્ચે સાકાર થશે તેમ મંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યુ હતુ વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે ગરીબો, વંચિતોને માળખાકીય સુવિધા આપવી તે અમારી પ્રાથમિકતા છે ૦૫ હજાર સ્કવેરફૂટમાં કોમ્યુનીટી હોલ બનવાથી આ વિસ્તારના લોકો તેમના સામાજીક પ્રસંગો



અહીંજ ઉજવી શકશે તેમજ આ વિસ્તારમા આર. સી. સી. રોડ, પેવર રોડ બનવાથી લોકોને આવવા જવાની વધુ સારી સુવિધા મળી રહેશે.

આ કાર્યક્રમોમાં મેયર મનહરભાઈ મોરી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન યુવરાજસિંહ ગોહિલ, કમિશનર એમ. એ. ગાંધી,નગરસેવિકા કાંતાબેન મકવાણા, જલ્વીકાબેન ગોંડલીયા, શીતલબેન પરમાર, બિન્દુબેન પરમાર, મહિલા મોર્ચાના પ્રમુખ દિવ્યાબેન વ્યાસ, સીટી ઈજનેર કુકડીયા,શિક્ષણ સમિતિના સભ્ય નરેશભાઈ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### અક્ષયપાત્ર ફાઉન્ડેશનના સેવાકાર્યમાં મોદી હાજર

# નરેન્દ્ર મોદીએ અક્ષયપાત્રની ૩૦૦ કરોડમી થાળી પીરસી

## અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા ગુજરાતભરના ૪.૨ લાખથી પણ વધુ બાળકોને ભોજન ઉપલબ્ધ કરાવાય છે : રિપોર્ટ

અમદાવાદ, તા.૧૧

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા પુરૂં પાડેલ ત્રણ અબજ ભોજન સેવાની સિમાચિહ્નરૂપ સિધ્ધિની યાદગીરીરૂપે વૃંદાવન,મથુરામાં આવેલ અક્ષયપાત્રના પ્રાંગણમાં આજે તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૧.૩૦ વાગે યોજાયેલી અનોખી ઉજવણીમાં ભાગ લીધો હતો. જેમાં વડાપ્રધાન મોદીએ અક્ષયપાત્રનું ૩૦૦ કરોડમુ ભોજન પીરસ્યું હતું. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને માનવ સંશાધન વિકાસના મંત્રી પ્રકાશ જાવેડકર પણ પ્રધાનમંત્રીની સાથે આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. વર્ષ ૨૦૦૦માં શાળાઓમાં ભોજન ઉપલબધ કરાવવાના પ્રોગામની શરૂઆત થઈ હતી. વર્ષ ૨૦૧૨ સુધીમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા કુલ ૧ અબજ ભોજન ઉપલબ્ધ કરાવવાની ભવ્ય સિધ્ધિ હાંસલ કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ સુધીમાં ફાઉન્ડેશન દ્વારા કુલ ૨ અબજ ભોજન ઉપલબ્ધ કરાવવાની સિધ્ધિ પ્રાપ્ત કરાઈ હતી. જેની યાદગીરીના ભાગરૂપે તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ ભારતના રાષ્ટ્રપતિ, પ્રણવ મુખર્જીની હાજરીમાં ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. અક્ષયપાત્રએ તેના બધા લાભાર્થીઓને પોષક અને આરોગ્યની સ્થિતિ સુધારવા અને સુનિશ્ચિત કરવા માટે સંતુલિત, પોષક અને સ્વાદિષ્ટ ભોજન આપવા સતત પ્રયત્નો કર્યા છે. આ કાર્યો પ્રાદેશિક સ્વીકાર્યતા અને યોગ્ય પાલન સાથે કરવામાં આવે છે, આથી ઉત્તર ભારતમાં મેનુ વાનગીઓ મુખ્યત્વે ઘઉં આધારિત છે અને દક્ષિણ ભારત તેમજ ઓડિશા અને આસામ જેવા રાજ્યો ચોખા આધારિત છે. ગુજરાતમાં સંસ્થા હાલમાં અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, કલોલ અને ભુજ ખાતે કેન્દ્રીયકૃત રસોઈ ઘર ચલાવી રહી છે. જેના થકી ગુજરાતભરના ૪.૨ લાખથી પણ વધુ બાળકોને ભોજનઉપલબ્ધ કરાવે છે. અક્ષયપાત્ર દ્વારા બાળકોને ભોજનમાં વધુમાં વધુ વિવિધતા અને સ્વાદ બદલાવ મળી રહે તે માટેના સુવ્યવસ્થિત અને નિયત સમયાંતરે સભાન પ્રયાસો થકી ખાતરી કરવામાં આવે છે. અક્ષયપાત્ર ફાઉન્ડેશનના શાળા ભોજન કાર્યક્રમમાં ખાદ્ય સલામતી, ગુણવત્તા અને સ્વચ્છતાને ખૂબ મહત્વ આપવામાં આવે છે. કાચા માલથી લઈ રાંધેલા ભોજન સુધીના ઉત્પાદનોના મૂલ્યાંકન કરવા માટે ફૂડ સેફટી એન્ડ ક્વોલિટી કંટ્રોલ લેબ્સ (એફએસક્યુસીસી લેબ)ની પણ સ્થાપના કરવામાં આવી છે. વડાપ્રધાનના આજના ઉપરોકત વિશેષ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી અર્બુદા માતાજીનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થયો

## મહેમદાવાદના શ્રી સિધ્ધિ વિનાયક મંદિર ખાતે : માઉન્ટ આબુથી શરૂ થયેલી શ્રી અર્બુદા માતાજીની પવિત્ર જયોત અને મૂર્તિની ભકિતભાવ સાથે કરાયેલી પધરામણી

અમદાવાદ,તા.૧૧

માઉન્ટ આબુ ખાતે આવેલા સુપ્રસિધ્ધ અધર દેવી એટલે કે, અર્બુદા માતાની અખંડ જયોતને જયોત સ્વરૂપે આખરે ગુજરાતમાં મહેમદાવાદ ખાતેના સુપ્રસિધ્ધ સિધ્ધિ વિનાયક દેવસ્થાન ખાતે પધરાવવામાં આવી હતી અને આ સાથે જ મા અર્બુદાની સુંદર મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય પાટોત્સવ મહોત્સવ પણ સિધ્ધિ વિનાયક દેવસ્થાન ખાતે યોજાયો હતો. તા.૯થી ૧૧ ફેબ્રુઆરી દરમ્યાન ચાલેલા અર્બુદા માતાજીના આ ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં રાજયભરમાંથી હજારો શ્રધ્ધાળુઓ અને ભકતો ઉમટયા હતા. શ્રી સિદ્ધિ વિનાયક દેવસ્થાન (મહેમદાવાદ) અને અર્બુદા ટેમ્પલ કમીટીના ચેરમેન નરેન્દ્રભાઈ પુરોહિત અને સુરેશભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, ગત તા.૨૯મી જાન્યુઆરીથી માઉન્ટ આબુ ખાતેથી પ્રારંભ થયેલી અર્બુદા માતાની ભવ્ય જયોત યાત્રા અમદાવાદ શહેરમાં પણ તાજેતરમાં આવી પહોંચી હતી અને શહેરના નરોડા, બોપલ, વાસણા, મણિનગર અને વસ્ત્રાલ વિસ્તારોમાં પરિભ્રમણ કરતી આ જયોતયાત્રા તા.૮મી ફેબ્રુઆરીએ મહેમદાવાદ ખાતે શ્રી સિધ્ધિ વિનાયક દેવસ્થાન ખાતે પહોંચી હતી. જયાં વિધિવત્ રીતે શ્રી અર્બુદા માતાજીની પવિત્ર જયોતને પધરાવી હવે અહીં પ્રજ્વલિત રખાશે. એ પછી તા.૯, ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી રોજ ત્રણ દિવસનો અર્બુદા માતાજીની ભવ્ય મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. મા અર્બુદાના આ ભવ્ય મહોત્સવમાં રાજયભરમાંથી હજારો શ્રધ્ધાળુઓ ઉમટયા હતા. ભાવિકભકતો અર્બુદા માતાજીના દર્શન કરી જાણે ધન્ય બન્યા હતા. શ્રી સિદ્ધિ વિનાયક દેવસ્થાન (મહેમદાવાદ) દ્વારા ગત તા.૧૩ મી ડિસેમ્બરના રોજ મંદિર પરિસરમાં શ્રી સમસ્ત ગોમતીવાળ બ્રાહ્મણ સમાજના કુળદેવી શ્રી અર્બુદા માતાજીના ભવ્ય મંદિરના શિલાન્યાસ કાર્યક્રમ સંપન્ન કરાયો હતો. સમસ્ત ગોમતીવાળ બ્રાહ્મણ સમાજના કુળદેવી અર્બુદા માતાજી મહેમદાવાદ ખાતેના પ્રસિદ્ધ શ્રી સિદ્ધિ વિનાયક દેવસ્થાન ખાતે બિરાજમાન કરવા ત્યાં ભવ્ય મંદિરના નિર્માણનું આયોજન હાથ ધરાયું છે. આ માટે શ્રી સમસ્ત ગોમતીવાળ બ્રહ્મ સમાજ સિવાય ત્રણગામ, સાત ગામ, મુંબઈ સમાજ, સંતરામપુર ગોળ તમામે તમામ જ્ઞાતિજનોએ આ કાર્યને ભકિતભાવ સાથે પાર પાડવા પૂરો સહયોગ સાથે આગળ આવ્યા છે. શ્રી સિદ્ધિ વિનાયક દેવસ્થાન (મહેમદાવાદ) અને અર્બુદા ટેમ્પલ કમીટીના ચેરમેન નરેન્દ્રભાઈ પુરોહિત અને સુરેશભાઈ પુરોહિતે ઉમેર્યું કે, માઉન્ટ આબુ ખાતેના અધર દેવી એટલે કે, અર્બુદા માતાના અસલ મંદિરના દર્શન માટે ૩૩૩ પગથિયા ચઢીને જવું પડે છે, જે વૃધ્ધજનો, અશકત અને બિમાર સહિતના લોકો માટે ઘણું કપરૂ બનતું હતુ, તેથી માતાજીની અસલ જયોતને હવે ગુજરાતમાં લાવી મહેમદાવાદ સ્થિત શ્રી સિધ્ધિ વિનાયક દેવસ્થાન ખાતે અર્બુદા ધામ ખાતે પધરાવવામાં આવશે. અર્બુદા માતાજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા અને ભવ્ય મંદિર નિર્માણથી ગુજરાતની જનતાને માં અર્બુદા આપણી ધરતી પર દર્શન આપશે.